અપીલ અરજી નં.૩૨૧ તા.૨–૨–૦૯

અરજદાર: શ્રી કમલેશ એમ. ચોડવડીયા
સામાવાળા: ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન

## ફરીયાદની હકીકત:–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી કમલેશ એમ. ચોડવડીયાની તા.૨૨–૧૨–૦૮ ની અરજીથી પાણીના કનેકશન અને આકારણી અંગેની મુદ્દા નં.૧ થી ૩ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨–૨–'૦૯ ની અપીલ અરજી નં.૩૨૧/૨૦૦૮–૦૯

શ્રી કમલેશ એમ. ચોડવડીયાની તા.૨૨–૧૨–૦૮ ની અરજીથી પાણીના કનેકશન અને આકારણી અંગેની મુદ્દા નં .૧ થી ૩ની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનના પત્ર નં.ઈઝેડ/આરટીઆઈ / ૯૭૭ તા.૨૨–૧–૦૯થી આપેલ માહિતી અધુરી અને ખામીજનક હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨–૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૮૧ તા.૧૨–૨–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને પત્ર પાઠવવામા ં આવેલ તેમજ અપીલ અરજીમાં અરજદારને ચોકકસ કઈ માહિતી અંગે નારાજગી છે તે અંગે વાજબીપણા ના કારણો અંગે અરજદારને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી અત્રેના વિભાગને કોઈ પુરક વિગતો મળેલ નથી.

અરજદારને તા.૨૨–૧૨–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૧ અને ૨ ની આંકડાકીય સહિત માહિતી પુરી પડાયેલ છે. જયારે મુદ્દા નં.૩ રેકર્ડમાં ઉપલબ્ધ ન હોય માહિતી આપી શકાય તેમ નથી તેવું જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે. તેમજ અરજદારે પત્ર નં. આરટીઆઈ સેલ/૧૦૮૧ તા.૧૨–૨–૦૯ના અનુસંધાને કોઈ આધાર કે વાજબીપણાના કારણો રજુ કરેલ નથી. તેમજ કઈ માહિતી અંગે નારાજ છે તે પણ જણાવેલ નથી.

અરજદારે મુદ્દા નં.૧ અને ૨ ની પાણી કનેકશન ધરાવનાર અને કાયદેસર પાણી કનેકશન ધરાવનાર મિલ્કતધારકોની આંકડાકીય માહિતી માંગેલ જે પુરી પડાયેલ છે. ત્રીજા મુદ્દાથી અરજદારે 'ન' નોંધાયેલ મિલ્કત ધારકો અને પાણી વેરો ભરતા હોય તેની માહિતીની માંગણી કરેલ છે જે બાબતે જાહેર માહિતી અધિકારી ધ્વારા આ પ્રકારની માહિતી રેકર્ડ પર ઉપલબ્ધ નહીં હોવાનું જણાવેલ છે. અરજદાર સ્વયં પૂછવા છતાં અપીલના તબકકે આ અંગે કોઈ સ્પષ્ટતા કરી શકેલ નથી વિગત જોતાં " પાણી વેરો ભરતા" તેવી વિગત ત્રીજા મુદ્દાની છે તે નં.૧ અને ૨ માં સમાવિષ્ટ થયાનું અનુમાનિત થાય. કારણકે વેરો ભરતા મિલ્કત ધારકોનો સમાવેશ કનેકશન ધારકમાં આપોઆપ થઈ જાય. આરટીઆઈ કાયદાની કલમ–૨(એફ) અને ૨ (જે) ની અનુક્રમે માહિતી અને માહિતી અધિકારના વ્યાપમાં જાહેર સત્તામંડળ પાસેની અને નિયંત્રણ હેઠળની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી આપવાનો સમાવેશ થાય છે.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૨–૧૨–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૧ અને ૨ ની માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પુરી પડાયેલ છે. જયારે મુદ્દા નં.૩ અંગે ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી પૈકી પુરી પાડવાની જોગવાઈ ધ્યાને લેતાં અપીલ અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી અપીલ દફતરે કરવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૨ –૦૯.

ડે.**કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ..... જાણ તથા અમલ માટે
(૩) શ્રી કમલેશ એમ. ચોડવડીયા,